RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 342 *Date: 02.10.2025,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ટ્રમ્પ યુક્રેનને ઘાતક ટોમહોક મિસાઈલ આપી યુદ્ધ ભડકાવશે! રશિયાને ઘેરવાની તૈયારીમાં



ભારત-પાકિસ્તાન વચ્ચેના સૈન્ય સંઘર્ષને રોકવાનો અનેક વખત દાવો કરનારા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધને અટકાવવામાં નિષ્ફળ રહ્યા છે. આ યુદ્ધ રોકવા માટે તેઓ બંને જ પક્ષો સાથે ઘણી વખત બેઠક અને ફોન પર વાતચીત કરી ચૂક્યા છે. તેમ છતાં તેઓ આ યુદ્ધ રોકવામાં નિષ્ફળ રહ્યા છે. આવી સ્થિતિમાં ટ્રમ્પે રશિયા માટે પોતાની પોલિસી બદલી નાખી છે. ૧૮૦ ડિગ્રી પર ઘૂમી ચૂકેલી ટ્ર્મ્પની નવી પોલિસી પ્રમાણે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને તેમના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ યુક્રેનને ઘાતક ટોમહોક મિસાઈલ આપવાનું વિચારી રહ્યા છે, જેથી કિવ રશિયાની અંદર ઊંડે સુધી હુમલો કરી શકે. તાજેતરમાં જ જેડી વાન્સે એક ન્યુઝ ચેનલ સાથે વાતચીતમાં ટ્રમ્પ વહીવટીતંત્રની નવી પોલિસી વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટ્રમ્પ વહીવટીતંત્ર યુક્રેનને ટોમાહોક મિસાઈલ આપવા અંગે ચર્ચા કરી રહ્યું છે. પ્રમુખ ટ્રમ્પ આ અંગે ટૂંક સમયમાં અંતિમ નિર્ણય લેશે.

આ નિવેદન એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે, યુક્રેનમાં ટ્રમ્પના રાજદૂત કીથ કેલોગે પણ તે જ દિવસે કહ્યું હતું કે, મારું માનવું છે કે યુક્રેનને રશિયાની અંદર ઊંડે સુધી હુમલો કરવાનો અધિકાર છે. યુક્રેને અંદર સુધી હુમલો કરવાની ક્ષમતાનો ઉપયોગ કરવો જોઈએ. યુદ્ધમાં સલામત આશ્રયસ્થાન જેવી કોઈ વસ્તુ હોતી નથી. જોકે, કેલોગે પાછળથી પોતાની ટિપ્પણીને સ્પષ્ટ કરતા કહ્યું કે, મારી ટિપ્પણી ફક્ત જેડી વાન્સ અને અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના જાહેર નિવેદનોના સંદર્ભમાં હતી, વ્હાઈટ હાઉસના વિચાર પર કોઈ નવી માહિતીના સંદર્ભમાં નહોતી.

જોકે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રમ્પની ટીમ ટોમહોક મિસાઈલોના પુરવઠા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. આ ટ્રમ્પના દોઢ મહિના પહેલાના પગલાથી તદ્દન વિપરીત છે. તમને જણાવી દઈએ કે ૪૩ દિવસ પહેલા ૧૬ ઓગસ્ટના રોજ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનનું અલાસ્કામાં સ્વાગત કરવા માટે રેડ કાર્પેટ પાથરવામાં આવી હતી. તે દિવસે ટ્રમ્પ અને પુતિન વચ્ચે લગભગ પાંચ કલાકની મુલાકાત થઈ હતી. જોકે, આ બેઠક કોઈ નિષ્કર્ષ વિના અચાનક જ સમાપ્ત થઈ ગઈ હતી.

હવે અમેરિકા ક્રેમલિનના સૌથી મોટા દુશ્મન એટલે કે યુક્રેનને રશિયામાં ઘૂસીને હુમલો કરી શકે તેવી ટોમહોક મિસાઈલો આપવા પર ગંભીરતાથી વિચારી રહ્યું છે. આ અંગે માત્ર સાત મહિના પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે અમારી પાસે આવું કોઈ હથિયાર નથી. ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશિયલ પર પોસ્ટ પર એ પણ કહ્યું હતું કે, યુક્રેન બધા કબજા હેઠળના પ્રદેશો પાછા લઈ શકે છે. તમને જણાવી દઈએ કે, યુક્રેન-રશિયા સંઘર્ષ પર ટ્રમ્પની આ પણ એક નવી પોલિસી-૧૮૦ છે, જે તેમના નીતિગત પરિવર્તનને દર્શાવે છે અને તેના દૂરગામી પરિણામો આવી શકે છે.

ટોમહોક એ અમેરિકન નેવીની એક સબોનિક ક્રુઝ મિસાઈલ છે જેની મારક ક્ષમતા ૨,૫૦૦ કિલોમીટર સુધીની છે. એટલે કે કિવથી લોન્ચ થયા બાદ તે મોસ્કો સહિત ઘણા રશિયન શહેરોમાં ટારગેટ પર હુમલો કરી શકે છે. તેનામાં પોતાની સાથે ૪૫૦ કિલો વોરહેડ લઈ જવાની ક્ષમતા છે. તેને જહાજો, સબમરીન અને લેન્ડ લોન્ચરથી છોડી શકાય છે અને ૧,૦૦૦ માઈલ દૂરના લક્ષ્યોને સટીક નિશાન બનાવી શકે છે. તે ઓછી ઊંચાઈએ ઉડાન ભરીને દુશ્મનના રડારથી બચવામાં પણ સક્ષમ છે.

ટોમહોકનું બ્લોક ૅફ (છર્ઝ્સ) વર્ઝન સૌથી એડવાન્સ છે, જેમાં બે બાજુ ડેટા લિંક છે જે ઉડાન દરમિયાન ટારગેટ બદલવાની મંજૂરી આપે છે. ટોમહોક મિસાઈલને સૌપ્રથમ ૧૯૯૧ના ગલ્ફ વોર દરમિયાન પ્રસિદ્ધિ મળી હતી. અમેરિકાએ પોતાની સૌથી નજીકના સહયોગીઓ બ્રિટન અને જાપાન માટે તેને સુરક્ષિત રાખ્યુ છે.




**દારૂથી આત્માનો નાશ થાય છે. દારૂની લતથી ગાંડપણ, વ્યાભિચાર, જુગાર વગેરે જેવી બદીઓનો શિકાર બનાય છે. જો આપણે કોઈને દારૂની ખરાબ લત છોડાવીએ તો તેને જેલમાંથી મુક્ત કરાવ્યા જેવું છે. માણસને દારૂની બિલકુલ જરૂર નથી. એ જગજાહેર છે. દારૂડિયો સંયમ ન રાખી શકે તેનાથી કોણ અજાણ છે? તેથી, મને આશા છે કે વિવેકથી, જોર-જુલમ કર્યા વિના, સમજપૂર્વક 'દારૂનું વ્યસન છોડાવવાનો પ્રયત્ન દરેક વ્યક્તિ કરે.'**

**-મહાત્મા ગાંધી**

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૮-૧૦-૨૦૨૫ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

सत्यमेव जयते ગુજરાત સરકાર | ઘર ઘર સ્વદેશી

### સંદેશો

सत्यमेव जयते

मुझे यह जानकर खुशी हो रही है कि गुजरात सरकार द्वारा इस वर्ष गाँधी जयंती, **२ अक्टूबर से "मद्य निषेध सप्ताह"** मनाया जा रहा है।

गुजरात की मद्य निषेध नीति महात्मा गांधी के आदर्शों और सिद्धांतो पर आधारित है। समाज को नशा-मुक्त और स्वस्थ बनाने की यह प्रतिबद्धता हमारे संविधान द्वारा निर्देशित मादक पेयों के उपयोग का प्रतिषेध करने के प्रावधान में भी स्पष्ट रुप से उल्लेखित है। यह **"मद्य निषेध सप्ताह"** हमारे समाज में नशा-मुक्ति, आत्मसंयम और सामाजिक उत्तरदायित्व के महत्व को रेखांकित करने का एक महत्वपूर्ण अवसर है, जो हमें एक स्वस्थ और समृद्ध समाज की दिशा में आगे बढने के लिए प्रेरित करेगा। मैं सभी नागरिकों, विशेषकर युवाओं से आग्रह करती हूं कि वे हमेशा नशे से दूर रहें और दूसरों को भी इसके लिए प्रेरित करें, ताकि हम एक स्वास्थ्य-युक्त और नशा- मुक्त समाज का निर्माण कर सकें।

मैं गुजरात सरकार और इस अभियान से जुडे सभी लोगों को साधुवाद देती हूं तथा **"मद्य निषेध सप्ताह"** के लक्ष्यों को प्राप्त करने में सफलता की कामना करती हूं।

**श्रीमती द्रौपदी मुर्मु**
**राष्ट्रपति, भारत**

सत्यमेव जयते

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે સ્તુત્ય પગલું છે.

મહાત્મા ગાંધીના સિદ્ધાંતોને સમર્પિત ગુજરાત રાજ્ય આરંભથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. ગુજરાતી પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામ પાછળ નશાબંધી એક મોટું પરિબળ છે.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
**વડાપ્રધાનશ્રી, ભારત**

सत्यमेव जयते

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રત**
**રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય**

सत्यमेव जयते

સમાજમાં એક નજર કરીએ તો જોઈ શકાય છે કે સ્વ-પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવેલું વ્યસન અનેક વિપરિત પરિણામોનું કારક બની રહે છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

सत्यमेव जयते

વ્યસન એ સમાજ માટે એક એવી ગંભીર સમસ્યા છે, જે દેશના યુવાધન અને પરિવારોને ખૂબ મોટું નુકસાન પહોંચાડે છે. આ પડકારને પહોંચી વળવા માટે, **નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા દર વર્ષે યોજાતો નશાબંધી સપ્તાહ એક અત્યંત પ્રેરણાદાયક અને મહત્વપૂર્ણ પહેલ છે.**

મને એ જાણીને ખૂબ જ આનંદ થયો છે કે નશાબંધી સપ્તાહ દરમિયાન આપના વિભાગે સમાજમાં નશાબંધી પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ખાસ કરીને, **"નશામુક્ત ભારત અભિયાન"** અંતર્ગત કરવામાં આવેલા પ્રયાસો પ્રશંસનીય છે. આ પ્રકારના કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે અને યુવાનો વ્યસનમુક્તિ માટે પ્રેરિત થશે.

હું આશા રાખું છું કે આપના વિભાગના નિષ્ઠાવાન પ્રયાસોથી આપણે સૌ એક સ્વસ્થ, તંદુરસ્ત અને વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરી શકીશું.

આપની સમગ્ર ટીમની મહેનત અને સમર્પણ બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને ભવિષ્યના આવા તમામ પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**હર્ષભાઈ સંઘવી**
**રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

## તંત્રી સ્થાનેથી..

### આરબીઆઇએ રેપો રેટ ૫.૫% પર યથાવત્ રાખ્યા, તહેવારની સિઝનમાં કોઈ રાહત નહીં

RBIનો મોનિટરી પોલિસીની બેઠકના પરિણામ જાહેર કરતાં ઈંં ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેર કર્યું હતું કે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી અને તેને ૫.૫% પર યથાવત્ રાખવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ફેસ્ટિવલ સિઝનને ધ્યાનમાં રાખીને ઘણા લોકો રેપો રેટમાં ઈંં દ્વારા ઘટાડાની આશા રાખી રહ્યા હતા. જ્યારે મોદી સરકાર દ્વારા જીએસટીમાં ઘટાડા બાદ વધુ એક મોટી જાહેરાત થવાની વાતો પણ થઈ રહી હતી. જોકે હવે તેના પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે અને ઈંંએ રેપો રેટ યથાવત્ રાખવાનો નિર્ણય લીધો છે જેનાથી હવે લોકોના ઈએમઆઈમાં પણ કોઈ ફેરફાર નહીં થાય. ઉલ્લેખનીય છે કે અગાઉ રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાએ ઑગસ્ટમાં મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઈંંએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીને ધ્યાનમાં લેતા ગત વખતે પણ રેપો રેટ ૫.૫ ટકાના દરે યથાવત્ રાખવાનો નિર્ણય લીધો હતો.

આ સાથે ઈંંએ ભારતીય અર્થતંત્રનું જીડીપી ગ્રોથ અનુમાન વધારીને ૬.૮% કરી દીધું છે. આ સાથે રેપો રેટ ઉપરાંત કેન્દ્રીય બૅન્કે એસડીએફ રેટ ૫.૨૫% અને એમએસએફ રેટ ૫.૭૫% પર યથાવત્ રાખ્યા હતા. તેમણે કહ્યું કે બેઠકમાં એમપીસીના તમામ છ સભ્યોએ રેપો રેટ યથાવત્ રાખવા અંગે સહમતિ આપી હતી.

## દેશના ધનિકોની સંખ્યામાં છ ગણો વધારો, મુકેશ અંબાણી આજે પણ ટોચના અબજોપતિઃ હુરુન રિચ લિસ્ટ




રિલાયન્સ ગ્રૂપના ચેરમેન મુકેશ અંબાણી એન્ડ ફેમિલી આ વર્ષે પણ દેશના સૌથી ધનિક વ્યક્તિ રહ્યા છે. હુરુન ઈન્ડિયા રીચ લિસ્ટ ૨૦૨૫ની યાદીમાં રૂ. ૯.૫૫ લાખ કરોડ સાથે મુકેશ અંબાણી સૌથી ધનિક વ્યક્તિ તરીકેનું સ્થાન જાળવી રાખ્યું છે. ગૌતમ અદાણી રૂ. ૮.૧૫ લાખ કરોડની નેટવર્થ સાથે બીજા ક્રમે છે.

આ યાદી ભારતના અબજોપતિ વર્ગના ઝડપી વિકાસને પણ દર્શાવે છે. દેશમાં અબજોપતિની કુલ સંખ્યા ૩૫૦નો આંકડો વટાવી ગઈ છે, જે ૧૩ વર્ષ પહેલાંની પ્રથમ યાદીની તુલનાએ છ ગણી વધી છે. સામૂહિક રીતે, નવા ધનિકોની કુલ સંપત્તિ રૂ. ૧૬૭ લાખ કરોડ છે. જે દેશના જીડીપી કરતાં અડધી છે. આ લિસ્ટ સ્ટાર્ટઅપ્સ અને એમએસએમઈને આપવામાં આવતાં પ્રોત્સાહનોના કારણે દેશમાં ધનિકોની સંખ્યા વધી રહી હોવાનો સંકેત આપે છે. પરપ્લેક્સિટીના ૩૧ વર્ષીય અરવિંદ શ્રીનિવાસ રૂ. ૨૧,૧૯૦ કરોડની સંપત્તિ સાથે ભારતના સૌથી યુવા અબજોપતિ બન્યા છે. એકંદરે પ્રથમ વખત યાદીમાં સામેલ થનારા ધનિકોમાં ઝેપ્ટોના કૈવલ્ય વોહરા (૨૨) પ્રથમ, અને તેમના કો-ફાઉન્ડર આદિત પાલિચા (૨૩) બીજા ક્રમે છે.

બોલિવૂડનો 'બાદશાહ' શાહરુખ ખાન પણ પ્રથમ વખત અબજોપતિના ક્લબમાં જોડાયો છે. તેની કુલ નેટવર્થ રૂ. ૧૨,૪૯૦ કરોડ થઈ છે. નેટવર્થમાં વધારો થવાની દૃષ્ટિએ, નીરજ બજાજ એન્ડ ફેમિલીની નેટવર્થમાં સૌથી વધુ રૂ. ૬૯,૮૭૫ કરોડનો વધારો થયો છે. હાલ તેમની નેટવર્થ રૂ. ૨.૩૩ લાખ કરોડ છે. પેટીએમના ફાઉન્ડર વિજય શેખર શર્મા પણ ૧૫,૯૩૦ કરોડ રૂપિયા સાથે અબજોપતિની યાદીમાં સામેલ થયા છે.

દેશના સૌથી વધુ ધનિકો મુંબઈ શહેરમાં રહે છે. આ વખતે પણ મુંબઈએ દેશના અબજોપતિના હબ તરીકે પ્રભુત્વ જાળવી રાખ્યું છે, જેમાં ૪૫૧ ધનિકો પ્રથમ વખત સામેલ થયા છે. નવી દિલ્હી (૨૨૩) અને બેંગલુરુ (૧૧૬) બીજા અને ત્રીજા ક્રમે છે. સેક્ટોરલમાં ફાર્માસ્યુટિકલ્સમાં ૧૩૭, ત્યારબાદ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સમાં (૧૩૨) અને કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સમાં (૧૨૫) ધનિકો સામેલ થયા છે.

## રોકાણકારોને આકર્ષવા માટે એક્ઝિટ લોડમાં ઘટાડો

અમદાવાદ : મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં સ્પર્ધા તીવ્ર બની રહી છે, અને આ સ્પર્ધા હવે સ્કીમના પ્રદર્શન, ખર્ચ માળખું અને વિતરણથી આગળ વધી રહી છે. તાજેતરના મહિનાઓમાં, ઘણા મ્યુચ્યુઅલ ફંડોએ રોકાણ ઉપાડ પર લાગુ થતા એક્ઝિટ લોડને તર્કસંગત બનાવ્યા છે.

ઓગસ્ટમાં, ટાટા મ્યુ. ફંડે તેની ઈક્વિટી અને હાઈબ્રિડ સ્કીમમાં ૦.૫%નો એકસમાન એક્ઝિટ ચાર્જ લાગુ કર્યો હતો, જે ૩૦ દિવસની અંદર ઉપાડ માટે પણ લાગુ પડતો હતો. જીૈં મ્યુ. ફંડે સપ્ટેમ્બરમાં સમાન એક્ઝિટ લોડ ઘટાડો લાગુ કર્યો હતો. અગાઉ, મોટાભાગની ઈક્વિટી સ્કીમ્સ માટે એક્ઝિટ લોડ એક વર્ષની અંદર ઉપાડ માટે ૧% હતો.

મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રના સુત્રોના જણાવ્યા અનુસાર, રોકાણકારોના હિત અને સ્પર્ધાને ધ્યાનમાં રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંશતઃ સ્પર્ધાને કારણે છે. જો અમારી યોજનાઓ માટે એક્ઝિટ લોડ સ્પર્ધકો કરતા વધારે હોય, તો સ્વાભાવિક રીતે અમને નુકસાન થશે. વધુમાં, ઓછા એક્ઝિટ લોડ ફંડના ભંડોળ માટે તેના ફાળવણીને સમાયોજિત કરવાનું સરળ બનાવે છે.

## ડોલર સામે રૂપિયો ૮૮.૮૧ના નવા તળિયે પટકાયો

મુંબઈ : હૂંડિયામણ બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ આરંભમાં નીચા ખુલ્યા પછી ઈન્ટ્રા-ડે ઝડપી વધી ઉંચામાં રૂ.૮૮.૮૧ની નવી ઉંચી સપાટીએ પહોંચી ગયા હતા. શેરબજારમાં સતત પીછેહટ તથા ડોલરમાં આઉટફલો વધતાં રૂપિયો દબાણ હેઠળ જોવા મળ્યો હતો. અમેરિકાએ ફાર્મા પછી હવે મુવીઝ તથા ફર્નીચર પણ ટેરીફ લાદયાના સમાચારની પણ કરન્સી બજારમાં રૂપિયા પર અસર દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૮૮.૭૭ વાળા આજે સવારે રૂ.૮૮.૬૯ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૮૮.૮૧ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૮.૭૮ રહ્યા હતા.



દરમિયાન, ભારતમાં વેરાકિય ખાધ વધ્યાના સમાચાર પણ આવ્યા હતા. હવે રિઝર્વ બેન્ક દ્વારા બુધવારે (આજે) બહાર પડનારી ધિરાણ નીતિ પર બજારની નજર રહી હતી. જો કે વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ઝડપી નીચા ઉતર્યાના સમાચાર તથા મુંબઈ બજારમાં ડોલરમાં ઉંચા મથાળે વિવિધ સરકારી બેન્કોની વેચવાલીના પગલે રૂપિયામાં ઘટાડો આજે તેટલા પ્રમાણમાં મર્યાદિત રહ્યો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

દરમિયાન, ભારતમાં એપ્રિલથી ઓગસ્ટમાં સરકારી ખર્ચાઓ વધતાં તથા તેની સામે મહેસૂલી આવકમાં વૃદ્ધી ધીમી રહેતાં દેશની વેરાકિય ખાધ ફિસ્કલ ડેફીસીટ વધી ગયાના નિર્દેશો મળ્યા હતા. આના પગલે હવે સરકાર દ્વારા બોરોઈંગ વધવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. રૂપિયામાં છેલ્લાં પાંચ મહિનાથી એકધારી પીછેહટ દેખાઈ છે. ભારતમાં ચોમાસાની વિદાય વિલંબમાં પડી છે તથા ચોમાસું ઓકટોબરથી ડિસેમ્બર દરમિયાન પણ આગળ વધશે એવાં સંકેતો મળતાં કૃષી ક્ષેત્ર ખાતેની અસર દેખાશે એવી ગણતરી બજારમાં ચર્ચાઈ રહી હતી.

વિશ્વ બજારમાં જો કે આજે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૦.૧૦ ટકાની પીછેહટ બતાવી રહ્યો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૯૮.૦૪ થય પછી નીચામાં ૯૭.૬૭ થઈ ૯૭.૮૧ રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં સરકારી ખર્ચાઓ માટે ભંડોળ મંજૂર કરવાની ડેડલાઈન આવી જતાં શટ ડાઉનની સ્થિતિનો ઉકેલ લાવવા છેલ્લી ઘડીના થઈ રત્લા પ્રયત્નો પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી.

## રેકોર્ડ ભાવે પણ સોનાચાંદીની આયાત સપ્ટેમ્બરમાં બમણી રહ્યાના સંકેત




મુંબઈ : સોનાચાંદીના વૈશ્વિક ભાવ સપ્ટેમ્બરમાં ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચવા છતાં બન્ને કિંમતી ધાતુની આયાત ઓગસ્ટની સરખામણીએ સમાપ્ત થયેલા મહિનામાં બમણી રહી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. તહેવારો પહેલા બેન્કો તથા ટ્રેડરોએ મોટી માત્રામાં ઈન્વેન્ટરી ઊભી કરવા ખરીદી ચાલુ રાખી હતી.

વિશ્વમાં સોનાના બીજા મોટા વપરાશકાર દેશ ભારતની ઊંચી આયાતને પરિણામે સોનાના વૈશ્વિક ભાવને ટેકો મળી રહ્યો છે. સોનાના મોટા ખરીદદાર ચીન દ્વારા સોનાની આયાત ઊંચા ભાવે ધીમી પડી હતી. છેલ્લા બે સપ્તાહથી બેન્કો અને ટ્રેડરો કસ્ટમ્સમાંથી મોટી માત્રામાં સોનાની ક્લિઅરિંગ પ્રક્રિયા પાર પાડી રહ્યા છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં સોનાની ખરીદી પાછળ આટલો મોટો ધસારો જોવા મળ્યો નહીં હોવાનું તેમણે ઉમેર્યું હતું. ઓગસ્ટની સરખામણીએ કસ્ટમ્સ સત્તાવાળાઓએ સપ્ટેમ્બરમાં આયાતનું જંગી વોલ્યુમ હાથ ધર્યું છે. આયાત ડયૂટીની વસૂલાત માટે સપ્ટેમ્બરના અંતે સોનાચાંદીની ટેરિફ વેલ્યુ જાહેર થાય તે પહેલા ડિલિવરી લેવામાં ટ્રેડરોએ ઉતાવળ કરી હતી. સોનાચાંદીના વૈશ્વિક ભાવમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી સપ્ટેમ્બરના અંતે જાહેર થનારી ટેરિફ વેલ્યુ ઊંચી આવવાની આયાતકારો ધારણાં રાખી રહ્યા છે. કસ્ટમ્સ ડયૂટીની વસૂલાત માટે સોનાચાંદીની ટેરિફ વેલ્યુ ઉપરાંત ડોલર-રૂપિયાના એકસચેન્જ રેટ દર પખવાડિયે જાહેર કરવામાં આવે છે.

ગયા મહિને ભારતે ૬૪.૧૫ ટન સોનાની આયાત કરી હતી જેનું એકંદર મૂલ્ય ૫.૪૦ અબજ ડોલર રહ્યું હતું જ્યારે ચાંદી માટે આ આંક ૪૧૦.૮૦ ટન અને ૪૫.૧૬ કરોડ ડોલર રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના આંકડામાં અગાઉ જણાવાયું હતું.

ઘરઆંગણે સોનાના ભાવ હાલમાં પ્રતિ દસ ગ્રામ રૂપિયા ૧.૨૦ લાખ જ્યારે ચાંદી કિલો દીઠ રૂપિયા ૧.૫૦ લાખ પર પહોંચી ગઈ છે. દેશમાં દશેરા તથા દિવાળીના દિવસોમાં સોનાચાંદીની મોટેપાયે ખરીદી રહે છે. એટલું જ નહીં દિવાળી પછી શરૂ થતી લગ્નસરાની મોસમમાં પણ સોનાના દાગીનાની માગ નીકળે છે.

## ખરીફ પાક પર તોળાતો ખતરો, વધુ વરસાદથી ઉભા પાક પર અસર

અમદાવાદ : મધ્ય ઓગસ્ટથી દેશના પશ્ચિમ અને પૂર્વ ભાગોમાં થયેલા અતિ વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં ઉભા પાકને નોંધપાત્ર નુકસાન થયું છે, અને ખરીફ ૨૦૨૫-૨૬ માટેના રેકોર્ડ પાક અંદાજમાં નોંધપાત્ર ઘટાડો કરવાની જરૂર પડી શકે છે.



પાકના નુકસાનનો હજુ સુધી કોઈ ચોક્કસ અંદાજ કાઢવામાં આવ્યો નથી, વિવિધ પ્રદેશોના ખેડૂતો અને વેપારી સમુદાયોના સૂત્રોના જણાવ્યા અનુસાર, ડાંગર, સોયાબીન, તુવેર, અડદ, શેરડી, બાજરી અને કપાસના ઉત્પાદન પર અસર પડી શકે છે.

છેલ્લા એક અઠવાડિયામાં, મહારાષ્ટ્રમાં વધુ વરસાદને કારણે રાજ્યના ૧૪.૪ મિલિયન હેક્ટર વાવેલા વિસ્તારમાંથી ૭ મિલિયન હેક્ટરથી વધુ પાકને અસર થઈ છે. આ મહિનામાં વરસાદને કારણે ૩૬માંથી લગભગ ૩૦ જિલ્લામાં પાકને વધુ નુકસાન થયું છે. પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને કર્ણાટકમાં પણ પાકને નુકસાન થયું છે.

ખરીફ પાકને અસર કરતા પ્રદેશોમાં પૂર અને અતિશય વરસાદની અસરને ધ્યાનમાં લેતા, સરકારે ગયા અઠવાડિયે ૨૦૨૫-૨૬ પાક વર્ષ (જુલાઈ-જૂન) માટે ખાદ્યાન્ન ઉત્પાદનમાં ૨.૪% ની સાધારણ વૃદ્ધિ ૩૬૨.૫ મિલિયન ટન થવાનો અંદાજ લગાવ્યો હતો, જે ૨૦૨૪-૨૫ માં ૩૫૩ મિલિયન ટન ઉત્પાદન હતું.





## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS NO:- 364**
વિષયઃ- શરદપૂનમ
શીર્ષકઃ- "ગીત રચાઈ જાય"
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૨૪

ઉઠાવું જ્યારે મારી કલમ હાથમાં ત્યારે તારું ગીત રચાઈ જાય,
ઉરમાં નાદબ્રહ્મ એવો ઊઠે, ને બસ તારું સંગીત રેલાઈ જાય.

સાથીના સંગાથ વગર તો સદા બાગ ઉજ્જડ જ હોય છે,
શરદપૂનમે આવી જાઓ તો સાથી કાજે ચિત ચોરાઈ જાય.

મંથન,મનન, ચિંતન સતત ચાલુ જ છે કવન કાજે,
શબદ ઉરમાંથી ઉતરે ને તમારું કવિત રચાઈ જાય.

કલમ વિણ જાણે ટેરવાંમાં ખણસ એવી લાગે છે !
હાથમાં કલમ આવેને તો,ગઝલ કાં ગીત લખાઈ જાય.

તુજ ધ્યાનમાં એવો તો મગ્ન બની જાઉં છું, યારા,
ક્યારેક ક્યારેક ઠોકરો ખાતાં જાણે ભીંત અથડાઈ જાય !

શાસ્ત્રોનો એવો તે નિચોડ સરકે છે મુજ કલમમાંથી,
ટપકી ટપકીને ટીપાં રૂપે કાવ્યની સરિત બની જાય.

રાતદિન કેવું સુંદર ચિંતન ચાલે છે મુજ ચિત મહીં !
"પંકજ"- કાવ્ય રચીને,તુજ સંગ પાલવડે પ્રીત બંધાઈ જાય."
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

**NG: NOGSS- 209**
વિષય- શરદપૂનમ
પ્રકાર - પદ્ય અછાંદસ શિર્ષક- શરદપૂનમ નો મેળો.
શબ્દો- ૧૦૦

જોતીતી વાટ હું તો જોતી વાટ,
ક્યારે આવે શરદપૂનમની રાત.

આવી ગઈ રાત,હાલોને રમીએ રાસ
દૂધપૌઆ ને બટાકાવડાની સાથ આજ.

ચંદ્ર પણ સોળે કળાએ ખીલ્યો આજ તેની ચંદ્રિકાની સાથ,
ચંદ્ર પણ ઘેલો થયો ને લોકો પણ ઘેલા થયા રમવાને રાસ.

પ્રેમીઓ પણ ઉજવતાં શરદપૂનમ એકમેકનાં સાથમાં
પ્રેમરસ ઉભરાય,અમૃત બની જાય
શરદપૂનમની રાતમાં.

પ્રેમીનો ઉત્સવ,ચંદ્રિકાની સાથમાં,હરખે ઉજવાય,
'સ્વધા'બની આજ પાગલ,પીવાને અમીરસ શરદપૂનમની રાતમાં.

સુધા જે. પુરોહિત 'સ્વધા' હોનોલુલૂ અમેરિકા.

**NG: NOGSS NO: 382**
વિષય- "શરદ પૂનમ''
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૦

શીર્ષક- શરદ તારું રૂપ ખીલ્યું રઢિયાળું
શરદ તારું રૂપ ખીલ્યું રઢિયાળું
ચાંદલીયો મારો સાંવરો રે લોલ
નભે સજ્યું ધવલું અંગ પટોળું
ગગન લાગે સુખલડું રે લોલ

પૂનમિયો ચાંદલીયો ચમકીલો
રૂડો કાલિન્દીનો કાંઠડો રે લોલ
ગોપીઓને ખેલાવે ખેલે રૂપાળો
ચૌદ લોક માણે રાસડો રે લોલ

ભાવે ભીંજવે આજ શ્યામ છોગાળો
શરદ રાણી સોહામણી રે લોલ
જમો દૂધ પૌંઆ મીસરી પ્રસાદી
હૈયે હરખનાં હેલડાં રે લોલ
રમેશ પટેલ(આકાશદીપ)

**NG: NOG SS No 387**
વિષયઃશરદ પૂનમ
શિર્ષકઃ"ધવલ રંગી ઉત્સવ"
પ્રકાર ગદ્ય, શબ્દોઃ૩૨૩

આસો સુદ પૂર્ણિમા એ રાત્રે લક્ષ્મીજી નું પૂજન કરવું અને જાગરણ કરવું. તે દીવસે મધરાતે વર આપનારી લક્ષ્મી કોણ જાગે છે?એમ બોલતાં બોલતાં "જે જાગતો હશે તેને ધન આપીશ"તેવો વિચાર કરી મનુષ્ય ની ચેષ્ટા જોવા પૃથ્વી પર ફરે છે.
લક્ષ્મી એટલે શ્રી, શોભા! લક્ષ્મી અનેક પ્રકારની છે.વિત્ત લક્ષ્મી,ગુણ લક્ષ્મી, સૌંદર્ય લક્ષ્મી, ભાવ લક્ષ્મી વગેરે.બધાજ પ્રકારની લક્ષ્મી જાગૃત માણસ ને મળે છે.આળસુ, પ્રમાદી કે ઊંઘતો માણસ સામે આવેલી લક્ષ્મી ને પણ વધાવી શકતો નથી.તેથી તો સંતો એ ગાયું છે કે- પહેલા ઉઠવાનું પછી જાગવાનું.ઉઠવુ એ શારિરીક છે, જ્યારે જાગવામા માનસિક અને બૌદ્ધિક જાગૃતિ અપેક્ષિત છે.
શરદ પૂર્ણિમા એટલે જાગૃતિ નો ઉત્સવ,વૈભવ નો અને આનંદ ઉલ્લાસ નો ઉત્સવ!તે દિવસે ચંદ્ર પોતાની સોળેકળાએ ખીલે છે.જયોતિષ શાસ્ત્ર ની દષ્ટિએ ચંદ્ર પૃથ્વી થી વધારે નજીક હોય છે.આખા વર્ષ માં આજ નો ચંદ્ર સૌથી મોટો લાગે છે.ચોમાસા ના ચાર મહિના વાદળઘેર્યો નભ ને કારણે સ્પષ્ટ ચંદ્ર દર્શન ન થઈ શકવાને કારણે આજ નો ચંદ્ર વધુ આકર્ષક લાગે છે.
ચંદ્ર પાસે સુંદરતા અને શીતળતાનો સમન્વય જોવા મળે છે.કેવળ બાહ્ય સૌંદર્ય કયારેક મોહક,માદક અને દાહક લાગે છે.પણ તેમાં ભીતર નું સૌન્દર્ય ભળે તો શીતળ અને શાંતિ દાયક પણ લાગે છે. રામ અને કૃષ્ણ પાસે પણ ચંદ્ર જેવું શાંત અને પ્રસન્ન સૌંદર્ય હતું.તેથી લોકો તેમને રામચંદ્ર, કૃષ્ણ ચંદ્ર કહેતા.
ગીતા માં પણ ભગવાને ચંદ્ર ને પોતાની વિભૂતિ ગણાવી છે. ચંદ્ર શાંત અને શીતળ ની સાથે ઉપકારક અને ઉપયોગી પણ છે દરેક અન્ન ના કણ ને અનેક પ્રકારની ઔષધિય ગુણો આપી પુષ્ટ કરે છે.
ચંદ્ર મન નો દેવ છે.કવિ ઓ અને પ્રેમીયો નો પ્રિય!તો વળી સાગર-શશી નું મિલન હિલ્લોળા મારે તેવું છે.સૂર્ય ના તેજ સામે બેસવું અઘરું છે જ્યારે ચંદ્ર ની સામે કલાકો સુધી મીટ માંડીને બેસી પુલકિત થઈ જવાય છે.
"શરદ પૂનમ ધવલ રંગી ઉત્સવ" ગણાય.દૂધ, પૌંઆ,સાકર, ચંદ્ર, ચાંદની મિશ્રિત ખાઈ ને રાસગરબા નો આનંદ લઈ ઉજવાતો મનપસંદ તહેવાર છે.
હો... પૂનમ ની પ્યારી પ્યારી રાત
મારી પ્રિતમ સાથે છે મુલાકાત...
આજ તું ના જાતી...ના જાતી.
પુનિતા બેન દવે -મણિનગર

**NG: NOG.ss No. 213**
વિષય :- 'શરદ પૂનમ'
શીર્ષક :- 'સાખ્યભાવ '
પ્રકાર :- પદ્ય, હરિગીત છંદ (શબ્દો :-૧૧૮)

શરદ પૂનમની રાત રઢિયાળી દિશે છે ધરા પરે,
અમૃત વર્ષે ચંદ્રમાંથી ચકોર ચાંચ ભરી પીવે.
બાંસુરીના સૂર સમો જ્યાં અનિલ વાતો તે પરે,
આ માનવીના મન મલકતાં મનભરી ને મોજમાં.

રાધા-ગોપી ઝાંખી કરતા શ્યામ સુંદર મુખને,
મહારાસમાં મન ભરીને કૃષ્ણ-રાધા ખેલતા,
વિરાટ આખું નીચે ઉતર્યું મોહ પામ્યા સૌ જનો,
સ્વર્ગ આભા વિસ્તરી તે શરદાના શણગારથી.

કદમ ડાળે ઝૂલણા બાંધ્યા તે છે રાધા-શ્યામના,
જમનાજળમાં ઝળકે તે તો જદૂપતિની ઝાંખી છે.
એક ચંદ્ર ગગને ચમકે, કૃષ્ણચંદ્ર ધરા પરે,
જો મૂર્તિ રૂપે શ્યામ પ્રગટે સ્નેહ ભીની પ્રકૃતિ.

કાલિન્દીની કનક ધારા વહેતું વારી સ્નેહમાં,
મયુર કોકિલ કુંજતા ને નિકુંજ વનમાં ડોલતા.
ચાંચમાં તે ચાંચ પરોવી પંખી બેઠા તરુ પરે
'સ્વજન'ને પણ યાદ આવે સાખ્ય ભાવ શ્યામનો.
(કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ''સ્વજન'' જૂનાગઢ)

**NG: NOG SS NO. 215.**
વિષય : '' શરદ પૂનમ "
શીર્ષક : " આવી શરદ પૂનમની રાત "
પ્રકાર :- પદ્ય શબ્દોઃ- ૭૩.

આવી શરદ પૂનમની રાત, રાસ લેવો છે,
આજ ચંદ્ર ચડ્યો આકાશ, રાસ લેવો છે.

સોળે કળાએ ખીલ્યો છે, ચંદ્રમા પૂનમનો,
ધવલ ને રૂપાળો લાગે છે, ચંદ્રમા પૂનમનો,

રાખી સૌ સખીઓ સંગાથ, રાસ લેવો છે,
આવી શરદ પૂનમની રાત, રાસ લેવો છે,

દૂધ પૌવા, મિસરીનો પ્રસાદ, રાત રાખીશું,
જાગરણ કરીને પૂરી રાત, સવારે ચાખીશું,

ઉગે ચંદી પડવાની પ્રભાત, રાસ લેવો છે,
આવી શરદ પૂનમની રાત, રાસ લેવો છે,
શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

**NG: NOG SS NO :334**
વિષયઃ-"શરદ પૂનમ"
શીર્ષકઃ- હાલને સખી...
પ્રકાર :-પદ્ય શબ્દોઃ૭૯

શરદપૂનમની રાતડીને ઓલ્યો ચંદ્ર ચડ્યો આકાશ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

આસો સુદ પૂનમની રાતડીને ચાંદની ઝાકમઝોળ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

સરખી તે સરખી સૈયરુંને કાંઈ અમી ભરેલી આંખ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

સોળે શણગાર સજી આવે સૈયરુંને પિયુનો સંગાથ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

રાસડે રમે ઓલ્યો નાહુલિયોને હૈયે ભરેલી હામ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

વીતી જાય રાતડીને સખી,અધૂરા ના રહી જાય કોડ,
હાલને સખી રઢિયાળી રાત મનભરી માણીએ.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

**NG: NOGSSNO: 352**
વિષય :શરદ પૂનમ
શીર્ષકઃગરબો
શબ્દ સંખ્યાઃ-૧૪૨ પ્રકારઃ- પદ્ય

માતાજીનો ગરબો

?ચંદ્ર આભે ઝળહળે ને ચાંદની પાથરી,
આજ શક્તિ નૃત્ય કરતી રાસની રાત છે.
પિત્ત શમે, અમૃત વરસે આ શરદપૂનમે,
કૃષ્ણ-રાધાની એ પ્રથમ
આભાર - નિહારીકા રવિયા મુલાકાત છે.

?ભક્તિની જ્યોત પ્રગટે હૈયે આજ રાત્રીએ,
આરતીના દીપમાં એ દિવ્ય એક વાત છે.
મંડપે બેઠી તું જગજનની ખમકારી,
તારી કૃપાથી જ આ સૃષ્ટિની શરૂઆત છે.

?ગાગરો ઘૂમે ને પગ થનગન થાય ભક્તિમાં,
શ્વાસમાં તારું જ નામ, એ પ્રેમની સંગાત છે.
લક્ષ્મી થઈને તું ફરે જગમાં, કહેતી 'કોણ જાગે છે?',
તારું સ્મરણ કરનારને સમૃદ્ધિની સોગાત છે.

?ઋષિઓની દૂરદષ્ટિ, વિજ્ઞાનનો પણ સાથ છે,
દૂધ-પૌંઆમાં છુપાયેલું સ્વાસ્થ્યનું પ્રભાત છે.

મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી તું,
તારા ત્રણ સ્વરૂપમાં જ સર્વસ્વની આ વાત છે.
?તારું સ્મરણ કરીને આજે અંતર શાંત થાય છે,
તારી દયાથી જ આ જીવનની શાંતિની વાત છે.

ક્ષમા માગું છું જો કોઈ ભૂલ મારી થઈ હોય,
શરણમાં રાખજે તું, એ જ મારી અંતિમ પ્રાર્થના.
શોભના ભટ્ટ

# પ્રાકૃતિક ખેતી એ રાષ્ટ્ર અને માનવતાની સેવા કરવાનો સર્વોત્તમ માર્ગ છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી








રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર કૃષિ પદ્ધતિ નહીં, પરંતુ આરોગ્યપ્રદ જીવનશૈલી અને ભાવિ પેઢી માટે સ્વસ્થ, સલામત અને સમૃદ્ધ ભવિષ્યની ગેરંટી છે.રાજભવનના મહર્ષિ દયાનંદ સભા મંડપમાં રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્માના વિસ્તરણ કાર્યકરો અધિકારીઓ, અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લાના કૃષિ સખી, કિસાન મિત્રો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો હતો.

રાસાયણિક ખેતી દ્વારા ઉભી થતી સમસ્યાઓ પર પ્રકાશ પાડતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, માટી, પાણી અને હવા પ્રદૂષિત થઈ ગઈ છે અને ખાદ્યાન્નના પોષકતત્વો ઘટી રહ્યા છે.રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના પાંચ વૈજ્ઞાનિક પરિમાણો બીજામૃત, જીવામૃત, ઘન જીવનામૃત, મલ્ચિંગ અને મિશ્રપાક વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમણે કહ્યું, કે જો ખેડૂતો આ પદ્ધતિ અપનાવે, તો ધરતી માતાની ફળદ્રુપતા વધવા ઉપરાંત લોકોને પૌષ્ટિક, સ્વસ્થ અને સલામત ખોરાક ઉપલબ્ધ બનશે.તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આ કાર્યને ફક્ત નોકરી કે ઔપચારિકતા ન માનવી જોઈએ. આપણે બધા પૃથ્વી, પાણી, હવા અને જીવસૃષ્ટિની રક્ષાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છીએ. જો ખેડૂતોને યોગ્ય તાલીમ નહીં મળે, તો તે માત્ર બેદરકારી જ નહીં પણ ગુનો અને પાપ પણ છે.તેમણે ઉલ્લેખ કર્યો કે, ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવેલા સંશોધનોએ સાબિત કર્યું છે કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ જમીનની ગુણવત્તા, પાકનું પોષણ મૂલ્ય અને ખેડૂતોની આવકમાં વધારો કરે છે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને માત્ર આર્થિક દ્રષ્ટિકોણથી જ નહીં પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, આ ચળવળ પર્યાવરણ, જળ અને જૈવવિવિધતા સંરક્ષણ તેમજ ભારતીય પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. પ્રાકૃતિક ખેતી એ રાષ્ટ્ર અને માનવતાની સેવા કરવાનો સર્વોત્તમ માર્ગ છે.રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને દુરદ્રષ્ટિથી પ્રેરિત થઈને સમગ્ર દેશ પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન આત્મનિર્ભર ભારતની સાથે સ્વસ્થ, સમૃદ્ધ અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ ભારત બનાવવાનું છે. તેમણે કહ્યું કે, ખોટી ટીકા અને ભ્રમ ફેલાવવાથી કોઈ ઉકેલ મળશે નહીં. પ્રાકૃતિક ખેતીનો વિરોધ કરનારાઓએ પણ આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તેમણે ખેડૂતો, સમાજ અને સરકારને આ ચળવળને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવા હાકલ કરી જેથી ભારત સ્વસ્થ, આત્મનિર્ભર અને સમૃદ્ધ બની શકે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.